| PUBLICATION NAME : | Sunvilla Samachar |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/06/2023 |
| PAGE : | 3 |

## રાષ્ટ્રીય કોક્લેવનું આયોજન

# EDII તથા DICCI NextGen દ્વારા સંયુક્તપણે નેશનલ કોક્લેવ ઓન એમ્પાવરિંગ યૂથ યોજાઈ






**સનવિલા ન્યુઝ,અમદાવાદ,તા.૧૦**

ભારતની જી-૨૦ પ્રેસિડેન્સીમાં યુવાનોને સામેલ કરવા તથા તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવા આંત્રપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા અમદાવાદ તથા દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા 'એમ્પાવરિંગ યૂથ ફોસ્ટરિંગ ઈક્લુઝન એન્ડ ડાયવર્સિટી' વિષય પર રાષ્ટ્રીય કોક્લેવનું આયોજન કરવામાં આવ્યું હતું. કોક્લેવને SIDBI પણ સહયોગ મળ્યો હતો અને તેનું આયોજન યુવાનોને એમ્પાવર કરવા, તેમને અર્થસભર ચર્ચા માટે મંચ પૂરો પાડવા, નોલેજ શેરિંગ માટે તથા ડાયવર્સિટી અને ઈક્લુઝન મજબૂત બનાવવા કરવામાં આવ્યું હતું.કોક્લેવનો મુખ્ય એજન્ડા સમાજમાં ડાયવર્સિટી અને ઈક્લુઝન હાંસલ કરવામાં આવતા ૫ ડકારો અને અવરોધોને ઓળખવા તથા સર્વસમાવેશને પ્રોત્સાહિત કરે તેવી નીતિઓ, પગલાં તથા પ્રક્રિયાની ચર્ચા કરવાનો હતો. વિવિધ સ્તરે ડાયવર્સિટી અને ઈક્લુઝનને પ્રોત્સાહિત કરવા માટેના નૂતન ઉપાયો વિશે પણ કોક્લેવમાં ચર્ચા કરવામાં આવી હતી. આ ઈવેન્ટના ભાગરૂપે વિવિધ ટેકનિકલ સેશનનું પણ આયોજન થયું હતું. વિવિધ સેશનમાં ચોથી ઔદ્યોગિક ક્રાંતિના સંદર્ભમાં ભાવિ કામગીરી, સર્વસમાવેશી પ્રેક્ટિસ હાંસલ કરવા માટેના ઉપાય તથા લાંબાગાળાની સ્થિરતા માટે સહયોગના મહત્ત્વ અને ઈક્લુઝિવ નીતિઓ વગેરે પર ચર્ચા કરવામાં આવી હતી.આ પ્રસંગે ડો. મિલિન્દ કામ્બલેએ કહ્યું હતું કે, જી-૨૦માં લોકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે. ભારત અન્ય દેશોથી આગળ છે. આ યોગ્ય સમય છે, જ્યારે યુવાનો નોંધપાત્ર ભૂમિકા ભજવવાની છે.